ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગર હીલસ્ટેશનમાં ફેરવાયું

**વહેલી સવારે ગાઢ ધુમ્મસથી હીલ સ્ટેશન જેવો નયનરમ્ય નઝારો સર્જાયો : વરસાદી વાયરા અને ગુલાબી ઠંડક વચ્ચે નગર ગાઢ ધુમ્મસની ગિરફતમાં : ગાઢ ધુમ્મસની અસરથી વાહનચાલકો પરેશાન : ધુંધની અસરથી માર્ગો ચાર ડગલા દુર પણ વિઝન મળતુ ન હતુ**

ગાંધીનગર તા ૧૨

વરસાદી વાયરાની અસર વચ્ચે શહેરમાં આજે વહેલી સવારે







ગાઢ ધુમ્મસની ચાદર પથરાઈ હતી. સવારથી જ નગરના માર્ગો પર ગાઢ ધુમ્મસના લીધે ચાર ડગલા દુર પણ વિઝન ન મળે તેવી સ્થિતિ સર્જાઈ હતી. ગુલાબી ઠંડકમાં હરિયાળી પ્રકૃતિ પણ ધુમ્મસની ગિરફતમાં આવી ગઈ હતી. દિવસ દરમિયાન લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં પણ ચાર થી પાંચ ડીગ્રીનો ફેરફાર જોવા મળ્યો હતો. સવારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૯૮ ટકા સુધી પહોંચી ગયુ હતુ ગાઢ ધુમ્મસના લીધે નગરમાં હિલ સ્ટેશન જેવો નઝારો સર્જાયો હતો. મોર્નિંગ વોક કરનારાઓએ મોસમના આ નઝારાની મજા માણી હતી. વાહનચાલકોએ ધુમ્મસની અસરથી વધુ સાવધાની દાખવવી પડી હતી.

ગઈકાલના વાતાવરણ પલ્ટા બાદ આજે પણ શહેરીજનોએ કલરફુલ મોસમનો નઝારો માંણ્યો હતો હરિયાળા ગાંધીનગરની સવાર આજે વધુ નયનરમ્ય જોવા મળી હતી. વાતાવરણમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાયેલુ રહેતા માર્ગો પર

● અનુસંધાન પાન-૭ પર

## કુડાસણની રાધે હોસ્પિટલ અને કલોલની શ્રધ્ધા હોસ્પિટલને ડેઝીગ્નેટેડ કરાઈ

**આ બે હોસ્પિટલમાં ૫૬ બેડની સુવિધા કોરોનાના દર્દીઓ માટે રક્ષિત કરાઈ**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯ સંક્રમણના કેસો વધતા જિલ્લાતંત્રએ વધુ બે હોસ્પિટલોને ડેઝીગ્નેટેડ હોસ્પિટલ તરીકે જાહેર કરી અને ૫૬ બેડની સુવિધા ઉભી કરી છે.

જિલ્લામાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૬૦૦ બેડની સુવિધા ઉભી કરવાની કવાયત પણ હાલ પૂરજોશમાં ચાલી રહી છે. ગાંધીનગર જિલ્લામાં ગત પખવાડિયે ૩ હોસ્પિટલોનો ડેઝીગ્નેટેડ હોસ્પિટલ જાહેર કર્યા બાદ વધુ બે હોસ્પિટલોને ડેઝીગ્નેટેડ જાહેર કરતા જાહેરનામા કલેક્ટર કચેરી દ્વારા જારી કરવામાં આવ્યા છે.

કુડાસણમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને પગલે જિલ્લાતંત્રએ રાધે હોસ્પિટલને પણ ડેઝીગ્નેટેડ હોસ્પિટલ તરીકે જાહેર કરી ત્યાં ૩૮ બેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

આ ઉપરાંત કલોલની શ્રધ્ધા હોસ્પિટલને પણ ડેઝીગ્નેટેડ હોસ્પિટલ જાહેર કરી વધુ ૧૮ બેડની સુવિધા ઉભી કરવામાં આવી છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આગામી દિવસોમાં હજુ ૨૫૦ જેટલી બેડની સુવિધા ઉભી કરવા માટેની કવાયત હાથ પર છે.

જિલ્લામાં વેન્ટીલેટર તેમજ ઓક્સીજનની પણ પુરતી ઉપલબ્ધિ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લામાં હાલ ૧૪ જેટલા ધન્વન્તરી રથો ભ્રમણ કરી અને રોજના ૨૭૦૦ થી ૩ હજાર જેટલા લોકોને સારવાર આપવામાં આવી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## બીટીપીએ ગુજરાતમાં પણ કોંગ્રેસને આપેલો ટેકો પાછો ખેંચ્યો

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમાં કોંગ્રેસને સૌરાષ્ટ્રમાં એક પછી એક બે ઝટકા પછી આજે દક્ષિણ ગુજરાતમાં મોટો ઝટકો લાગ્યો છે. ભારતીય ટ્રાયબલ પાર્ટીએ રાજસ્થાનમાં કોંગ્રેસની ગેહલોત સરકારને આપેલો ટેકો પરત ખેંચ્યા પછી હવે ગુજરાતમાં પણ ટેકો પરત ખેંચ્યો છે. આ અંગે બીટીપીના અધ્યક્ષ છોટુભાઈ વસાવાએ ટ્વીટ કરીને માહિતી આપી છે અને જણાવ્યું છે કે, ગુજરાતમાં ભરુચ અને નર્મદા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ સાથેનું ગઠબંધન ખતમ થયું છે.

છોટુ વસાવાએ કારણ આપતાં જણાવ્યું હતું કે, રાજસ્થાનમાં અમારી સાથે દગ્ગો થયો છે. એટલા માટે અમે અહીં પણ ગઠબંધન તોડવાના છીએ. તેમણે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં તકલીફ નહીં પડે, તેમ જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે ભાજપ અને કોંગ્રેસ બંને સરખા જ હોવાનું અને ભાજપને પણ સાથ નહીં આપે તેમ જણાવ્યું હતું. બીટીપીના બે ધારાસભ્ય રાજકુમાર રોત અને રામપ્રસાદે ભારતીય ટ્રાઈબલ પાર્ટીના અધ્યક્ષ અને ગુજરાતના ધારાસભ્ય છોટુભાઈ વસાવા સમક્ષ સમર્થન પરત લેવાની વાત કરી હતી.

## સેકટર-૩/સીમાં ઉજ્જડ બગીચાને નિખારવા ત્વરિત કામ હાથ ધરવા માંગ

**કોર્પોરેશન કક્ષાએથી આ બગીચાની કાયાપલટ કરવા ઝડપથી કામ હાથ ધરવામાં આવે તેવી સ્થાનિકોની રજુઆત**

ગાંધીનગર તા ૧૨

શહેરના સેકટરોમાં સ્થિત બગીચાઓ જાળવણીના અભાવે વર્ષો બાદ હાલ ખંડેર હાલતમાં જોવા મળી રહ્યા છે. હરિયાળી ગુમાવતા ઉદ્યાનો આકર્ષણ વિહોણાં બન્યા છે. કોર્પોરેશન કક્ષાએથી સેકટરોના બગીચાઓને નિખારવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી છે. બગીચાઓમાં બાળકો માટે નવા રમતગમતના સાધનો તેમજ હરિયાળી લોન અને વોક વે સહીત પ્લાન્ટેશન કરવાની કામગીરી પણ આ યોજના અન્વયે હાથ ધરવામાં આવે છે. ત્યારે સે-૩ સી નો બગીચો પણ છેલ્લા પાંચ વર્ષથી ઉજ્જડ હાલતમાં છે. જેને અનુલક્ષીને આ બગીચાને નિખારવા માટે ત્વરિત કામ હાથ ધરવામાં આવે તેવી લાગણી પણ સ્થાનિક રહીશોએ વ્યકત કરી છે.

શહેરના સેકટરોમાં દાયકાઓ જુના ઉદ્યાનોને નિખારવા કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. કોર્પોરેશન કક્ષાએથી સેકટરોના બગીચાઓની કાયાપલટ કરવા માટે તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. બગીચાઓને નયનરમ્ય અને સુવિધાયુક્ત બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. સે-૭ અને સે-૮ માં બગીચાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. આ ઉપરાંત અગાઉ નગરના

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના વાયરસના દર્દીઓમાં રહસ્યમય ફૂગનો ચેપ ફેલાયો

અમદાવાદ, તા.૧૨

ગુજરાત અને અમદાવાદમાં કોરોના વાયરસના દર્દીઓની લડાઈ વધુ ગંભીર બની રહી છે. નિષ્ણાંત ડોક્ટર્સે ચેતવણી આપતા કહ્યું કે રાજ્યમાં કેટલાક કોરોના વાયરસના દર્દીઓમાં ભાગ્યે જ જોવા મળતી અને ગંભીર પ્રકારની ફૂગનો ચેપ જોવા મળી રહ્યો છે જે ખૂબ જ ચિંતાજનક

**કોરોનાની લડાઈ વધુ ગંભીર બની : સાજા થનારામાં પણ આ પ્રકાર ફુગનો ચેપ જોવા મળે છે**

બાબત છે. તેમાં પણ આ ફૂગ ફક્ત કોરોના સામે લડી રહ્યા હોય તેવા જ દર્દી નહીં પરંતુ તેનાથી સ્વસ્થ થઈ ગયા હોય તેવા દર્દીમાં પણ સમયાંતરે જોવા મળે છે.

અમદાવાદ શહેરના રેટિના અને ઓક્યુલર ટ્રોમા સર્જન પાર્થ રાણાએ જણાવ્યું કે હાલના જ સમયમાં તેમણે ૫ એવા કેસ જોયા જે મ્યુકોર્મિકોસિસ નામની ભાગ્યે જ દેખાતી ફૂગનું સંક્રમણ જોવા મળ્યું છે. આ ૪ કેસમાં ૨ દર્દીના મૃત્યુ સાથે તેનો મૃત્યુદર ૫૦ ટકાની આસપાસ છે. મહત્વનું છે કે આ ચાર કિસ્સામાં તમામ દર્દીઓ પુરુષો હતા અને તેમની ઉંમર પણ ૩૪થી ૪૭ વયની હતી. આ ઉપરાંત શુક્રવારે રાત્રે ૬૭ વર્ષના ભૂજના એક વૃદ્ધ વ્યક્તિને ખૂબ જ ગંભીર પરિસ્થિતિમાં અમદાવાદ ખાતે લઈ આવવામાં આવ્યા હતા. દર્દીની આંખમાં આ ફૂગના સંક્રમણથી આંખોની પૂતળી વધારે પડતી પહોળી થઈ ગઈ હતી તેની જગ્યાએથી બહાર આવી ગઈ હતી.

ડો. રાણાએ કહ્યું કે, 'આ તમામ દર્દીઓનો મેડિકલ ઈતિહાસ સુગર જેવી બીમારી રહી છે. તેમજ તેમણે સ્ટેરોઈડ જેવી ભારે દવાઓ પણ લીધી હોવાનું સામે આવ્યું છે. તેમની રોગપ્રતિકારક શક્તિ ખૂબ જ નબળી હતી. અમને લાગે છે કે આ બંને સ્થિતિના કારણે દર્દીઓમાં ફૂગ વધુ ઝડપથી ફેલાઈ હતી.' તેમણે કહ્યું કે કોવિડ-૧૯ મહામારી આવી તે પહેલા મ્યુકોર્મિકોસિસ નામની આ ગંભીર ફૂગ ભાગ્યે જ જોવા મળતી હતી અને તેનું સંક્રમણ ફેલાવાનો દર પણ ધીમો હતો જે ૧૫-૩૦ દિવસ જેવો સમય લેતું હતું. પરંતુ હાલના સમયમાં ૨-૩ દિવસમાં જ દર્દીઓમાં આ ફંગસ ફેલાઈ ગયાનું જોવા મળ્યું છે.

રાજ્યના જાણીતા સંક્રમણ રોગ નિષ્ણાંત ડો. અતુલ પટેલે કે જેઓ મ્યુકોર્મિકોસિસ ફંગલ ઈન્ફેક્શનના રાષ્ટ્રીય અભ્યાસમાં એક ભાગ હતા તેમણે પણ કોરોના દર્દીઓમાં વધી રહેલા મ્યૂકોર્મિકોસિસ ફંગલ ઈન્ફેક્શનને લઈને ચેતવણી ઉચ્ચારી છે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં સતત બીજે દિવસે વધુ ૫૬ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે સતત બીજે દિવસે પણ ૫૬ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૪ અને ગાંધીનગર શહેરમાં ૨૨ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ વધ્યુ છે. થઈ રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. આ ઉપરાંત હવે દર્દીઓ જે રીતે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે તેને લઈ તંત્રની કામગીરીનું ભારણ વધ્યુ છે. હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું નિયમિત મોનીટરીંગ કરવા ઉપરાંત કન્ટેનમેન્ટ ઝોનની ગાઈડલાઈનનું પાલન અને સંક્રમિત થઈ રહેલા જણાયા છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૩૪ કેસમાં ગાંધીનગરમાં ૧૪, દહેગામમાં ૬, માણસામાં ૭ અને કલોલમાં ૭ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના કોલવડા ગામેથી એક જ દિવસમાં ૪ કેસ અને સરગાસણમાંથી બે કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. ગામેથી બે કેસ, સોજા ગામેથી ૩ કેસ તેમજ સઈજ અને અર્બન-૨ વિસ્તારમાંથી કેસ મળી આવેલ છે.

જિલ્લામાં આજે વધુ ૩૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં નોંધાયેલા દર્દીઓમાંથી અત્યાર સુધીમાં ૩૧૯૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. તંત્ર ચોંકી ઉઠ્યુ છે. શહેરમાં કેસોની સંખ્યામાં ચડાવ-ઉતારને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલા ૨૪ દર્દીઓમાં પાંચ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે. મોટીવયના દર્દીઓ ઉપરાંત આધેડ વયના તેમજ યુવા દર્દીઓ પણ સંક્રમિત થયા છે.

**સે. ૨૨ અને સે. ૨૬ માં ૩-૩ કેસ સહિત ૨૨ કેસ નોંધાયા : કોલવડામાં ૪ કેસ સહિત ગાંધીનગરમાં ૧૪, દહેગામમાં ૬, માણસામાં ૭, કલોલમાં ૭ કેસ : ૫૨ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયુ**

શહેરમાં પણ કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જવા મળી રહ્યો છે. શહેરમાં અને જિલ્લામાં વધતા જતા કેસોની સંખ્યાએ તંત્રની ચિંતા વધારી છે.

મળતી વિગતો પ્રમાણે વધુ ૨૫૦ જેટલી બેડ વધારવા માટેની તૈયારીઓ પણ તંત્ર દ્વારા ધીમી ગતિએ હાથ ધરવામાં આવી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ ૬૦૦ બેડની વ્યવસ્થા ઉભી કરવાની કવાયત ચાલી રહી છે.

મહિલા દર્દીઓ અને મોટીવયના લોકો જે રીતે સંક્રમિત સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન અસરકારક રીતે થાય તે માટે તંત્રએ હવે કડક પગલાં લેવા માટેનું મન પણ બનાવી લીધુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો જે ગતિએ મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ કેસો મળવાની શરૂઆત થઈ છે. તંત્રએ ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કર્યો છે. જો કે ચેપ રેટનું પ્રમાણ ૩ ની આસપાસ જ રહેવા પામ્યુ છે. મહિલા દર્દીઓ અને મોટીવયના દર્દીઓ પણ વધુ ને વધુ આ ઉપરાંત સીઆરપીએફ લેકાવાડા, ડભોડા, લેકાવાડા, સાદરા, અડાલજ, કુડાસણ, ઝુંડાલ અને વડોદરા ગામેથી કેસો મળી આવ્યા છે.

દહેગામ તાલુકામાં બહિયલ, પીપલજ, રખિયાલ ઉપરાંત અર્બન વિસ્તારમાંથી ૩ કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકામાં અર્બન વિસ્તારમાંથી ૨, લોદરામાંથી ૪ અને ખડાત ગામેથી ૧ કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં ઈસંડ

જિલ્લામાં હાલ ૨૩૭ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે જિલ્લામાં ૧૧,૮૫૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાંથી ૭ દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે હોમ આઈસોલેશનમાં ૧૦૦ થી વધુ દર્દીઓ સારવાર હેઠળ છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા બે દિવસથી ધીમી ગતિએ પાછો કોરોનાના કેસોમાં વધારો શરૂ થતાં

આજે સંક્રમિત થનારા દર્દીઓમાં સિવિલ હોસ્પિટલમાં બ્રધર તરીકે ફરજ બજાવતા કોરોના વોરિયર ઉપરાંત જિલ્લા પંચાયતના સુપરવાઈઝર, સાબરકાંઠા ડિસ્ટ્રીકટ બેંકના કર્મયોગી, શાળા સંચાલક, ડેન્ટીસ્ટ, શિક્ષક તેમજ લેબર કોન્ટ્રાકટર અને લિફ્ટમેનનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨૬ અને સે. ૨૨ માં ૩-૩ કેસ તેમજ સે. ૧૩, ૨ અને સે. ૧ માં ૨-૨ કેસ

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા

ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · Jaquar · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## રાજ્યમાં ઠંડીનું જોર વધવાની અને દ.ગુજરાતમાં વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૧૨

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યૂલેશનનાં કારણે રાજ્યના વાતાવરણ ઉપર અસર જોવા મળી રહી છે.ગઈકાલે કમોસમી વરસાદ અને આજે ધુમ્મસ ભર્યું વાતાવરણ સર્જાયું છે.આગામી ૨૪ કલાક વાતાવરણ યથાવત રહેશે અને દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદી ઝાપટા પડવાની હવામાન વિભાગનું અનુમાન છે. સુરત નવસારી સહિતના વિસ્તારમાં સામાન્ય વરસાદનું અનુમાન છે. આજે અમદાવાદ શહેરમાં ધુમ્મસભર્યું વાતાવરણ છે.સાથે શહેરમાં પ્રદુષણનું પ્રમાણ વધ્યું છે.અમદાવાદ શહેરમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૨૧ નોંધાયું છે.

એટલે કે હવામાં પ્રદુષણ નું પ્રમાણ વધી રહ્યું છે.જોકે વારંવાર વાતાવરણ પલટો અને વધતું જતું પ્રદુષણ નું પ્રમાણ ખેતીના પાકને તો નુકસાન થઈ રહ્યું છે પરંતુ લોકોના સ્વસ્થ પર અસર જોવા મળશે. ડિસેમ્બર બે સપ્તાહ પૂર્ણ રહેવા આવ્યા છે તેમ છતાં શિયાળાની ઠંડીનો અહેસાસ થતો નથી.કારણ કે લઘુતમ તાપમાન સામાન્ય કરતા ૪ ડીગ્રી ઉપર છે.આજે પણ નલિયાનું લઘુતમ તાપમાન ૧૪ ડીગ્રી નોંધાયું છે. જે ૧૨ ડિસેમ્બર સુધીમાં તાપમાન ઘટીને ૯ થી ૧૦ ડીગ્રી થઈ જતું હોય છે.પરંતુ હવામાન વિભાગનું અનુમાન છે કે ૨૪ કલાક બાદ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com